# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

**************************************************

- ભારતીય રિઝર્વ બેન્કે સતત સાતમી વાર રેપોરેટમાં કોઇ ફેરફાર નથી કર્યો.
- મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમારે મતદાનની ટકાવારી વધારવા માટે પસંદ કરેલા જીલ્લાઓના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓને દર મતદાન કેન્દ્ર દીઠ કાર્યયોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો છે.
- ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના ચુરુમાં ચૂંટણી રેલીને સંબોધન કર્યું.
- કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટેનું ઘોષણાપત્ર આજે જાહેર કર્યું છે- ભારતીય જનતા પક્ષે કોંગ્રેસે બહાર પાડેલા ઘોષણાપત્રને જૂઠા વચનો ગણાવ્યા છે..
- ભારતે, વિશેષ દ્વિપક્ષી વ્યવસ્થા હેઠળ 2024-25 માટે માલ્દીવ્સને અત્યાર સુધીમાં સૌથી વધારે આવશ્યક ચીજવસ્તુઓની નિકાસ કરવાની મંજૂરી આપી છે.
- IPL ક્રિકેટ સ્પર્ધામાં, આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો...

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV-RBI-MONTHLY-RBI-POLICY

રિઝર્વ બેન્કની નાણાંકીય નિતી સમિતીએ સતત સાતમી વાર રેપોરેટમાં કોઇ જ ફેરફાર નથી કર્યો. રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંત દાસે આજે દ્વિમાસિક નાણાંનિતીની જાહેરાત કરી અને રેપોરેટ છ પોઇન્ટ પાંચ ટકા જ રાખ્યો.

તેમણે કહ્યું કે, નાણાંકીય વર્ષ 2024-25માં જીડીપી દર સાત ટકા રહે તેવી શક્યતા છે. પહેલા ત્રિમાસિક ગાળામાં તે 7 પોઇન્ટ એક ટકો, બીજા ત્રિમાસિક ગાળામાં છ પોઇન્ટ 9 ટકા અને ત્રીજા અને ચોથા ત્રિમાસિક ગાળામાં તે સાત ટકા રહે તેવી ધારણા છે.

હાલના નાણાંકીય વર્ષમાં ફૂગાવાનો દર 4 પોઇન્ટ પાંચ ટકા રહે તેવી શક્યતા છે. તેમણે કહ્યું કે, એપ્રિલ-2022માં ફૂગાવાનો દર 7 પોઇન્ટ 8 ટકા હતો, તેની સરખામણીએ ફૂગાવાના દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે, હાલની સરકારના ફૂગાવાના દરનું લક્ષ્યાંક ચાર ટકા છે, તે મુજબ, હજુ પણ તે વધારે કહી શકાય.

રિઝર્વ બેન્કના ગર્વનરે કહ્યું છે કે, 29મી માર્ચ, 2024ના રોજ ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર, 645 અબજ 60 કરોડ ડોલર પર પહોંચી ગયો છે, જે અત્યાર સુધીમાં સૌથી વધારે છે. તેમણે કહ્યું કે, ગયા નાણાંકીય વર્ષમાં વિશ્વના મુખ્ય ચલણોમાં રૂપિયો સૌથી વધારે સ્થિર રહ્યો.

## REV.MUMBAI-RBI-UPI

**ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં UPI નો ઉપયોગ કરીને કેશ ડિપોઝિટ મશીન દ્વારા રોકડ જમા કરવાની મંજૂરી આપશે. અત્યાર સુધી**

**UPI નો ઉપયોગ મુખ્યત્વે પૈસા ઉપાડવા અથવા મની ટ્રાન્સફર માટે થાય છે.**

**ગવર્નર શક્તિકાંત દાસે આજે જણાવ્યું હતું કે, આ પગલાથી ગ્રાહકોની સુવિધામાં વધુ વધારો થશે અને બેંકોમાં કરન્સી હેન્ડલિંગ પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બનશે. RBI એ પ્રીપેડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (PPI) વોલેટ્સમાંથી UPI પેમેન્ટ કરવા માટે થર્ડ-પાર્ટી UPI એપ્સના ઉપયોગની પરવાનગી આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આનાથી ગ્રાહકોની સગવડતામાં વધારો થશે અને નાના મૂલ્યના વ્યવહારો માટે ડિજિટલ પેમેન્ટને અપનાવવામાં પ્રોત્સાહન મળશે.**

# NEW-ECI--MEETING

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમારે મતદાનની ટકાવારી વધારવા માટે પસંદ કરેલા જીલ્લાઓના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓને દર મતદાન કેન્દ્ર દીઠ કાર્યયોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. તેમણે શહેર અને ગ્રામીણ વિસ્તારો માટે જુદી- જુદી કાર્યનિતી બનાવવાનું કહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશ્નરે આજે નવી દિલ્હીમાં ગઇ વખતની ચૂંટણી દરમિયાન મતદારોની ભાગીદારી ઓછી હતી, તેવા 11 રાજ્યોના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓની સાથે બેઠક કરી..

મુખ્ય ચૂંટણી અધિકારીએ, મતદારો, લોકતંત્રના મહાપર્વ ચૂંટણીમાં ભાગ લેવા બદલ ગૌરવ અનુભવે તે રીતે કામ કરવાનું અધિકારીઓને કહ્યું.. તેમણે કહ્યું કે, ગયા વખતની ચૂંટણી વખતે ઓછું મતદાન થયું હોય તેવા 215 ગ્રામીણ અને 51 શહેરી સંસદીય ક્ષેત્રો અલગ તારવવામાં આવ્યા છે, ત્યાં મતદારો સક્રિયપણે ભાગ લે તેવા પ્રયાસો

કરવામાં આવશે, તે માટે મતદાન કેન્દ્રો પર સગવડો વધારવી, મતદારો સુધી પહોંચવાના લક્ષ્યાંકને પાર પાડવું તેમજ લોકોને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ પક્ષોને સામેલ કરવા જેવી ત્રણ સૂત્રની નિતી પર ભાર મૂકવામાં આવશે.

આ બેઠકમાં દિલ્હી, મુંબઇ, અમદાવાદ, ચેન્નાઇ, બેંગ્લુરુ, હૈદરાબાદ, પૂના, ઠાણે, નાગપુર, પટના સાહિબ, લખનૌ અને કાનપુરના નિગમના કમિશ્નરો તેમજ બિહાર અને ઉત્તરપ્રદેશના કેટલાક જીલ્લાઓના ચૂંટણી અધિકારીઓએ ભાગ લીધો હતો.

કર્ણાટક, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિળનાડુ, તેલંગાણા અને પંજાબના મુખ્યચૂંટણી અધિકારીઓએ આ બેઠકમાં વર્ચુઅલી ભાગ લીધો હતો..

# PM-RAJASTHAN

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સમગ્ર દેશ, વિકસિત રાષ્ટ્ર બનવા માટે કામ કરી રહ્યો છે. છેલ્લા દસ વર્ષમાં કેન્દ્ર સરકારે સામાન્ય લોકો માટે કેટલાયે દાયકાથી વિલંબમાં પડેલી પાયાની જરૂરિયાતો પૂરી પાડવાનું કામ કર્યું છે.

શ્રી નરેન્દ્ર મોદી રાજસ્થાનના શેખાવતી ક્ષેત્રના ચુરૂમાં એક જાહેરસભાને સંબોધી રહ્યા હતા. તેમણે કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં વિકસિત ભારતની આધારશિલા મૂકી દેવાઇ છે. તેમણે કહ્યું કે, ભારત જે ગતિથી પ્રગતિ કરી રહ્યો છે તે બાબતે આખી દુનિયા નવાઇ પામી રહી છે. તેમણે કહ્યું કે, સત્તામાં આવ્યા પછી તેમની સરકારે ઇમાનદારી પૂર્વક કામ કર્યું તેથી રાષ્ટ્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ તેમણે દરેક કુટુંબ

માટે આવાસ અને શૌચાલય તેમજ પીવાનું સ્વચ્છ પાણી સુનિશ્ચિત કરવા માટે મિશન મોડમાં કામ કર્યું છે. કોરોના સંકટ છતાં પણ ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવામાં સફળ નિવડ્યું, એમ તેમણે કહ્યું..

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આગામી વર્ષોમાં પણ દેશમાં અનેક મોટાં કામ કરવાના છે. નરેન્દ્ર મોદીએ વિરોધ પક્ષોની ટીકા કરીને કહ્યું કે, લશ્કરે સર્જીકલ સ્ટ્રાઇક કરી તેવે સમયે પણ વિરોધપક્ષોના સભ્યો સાબિતી માંગતા હતા.

# CONGRESS-MANIFESTO

કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટેનું ઘોષણાપત્ર જારી કર્યું છે. પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે તેમજ વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી તેમજ રાહુલ ગાંધીએ આજે નવી દિલ્હીમાં બહાર પાડેલા ઘોષણાપત્રમાં દરરોજ 400 રૂપિયાની ઓછામાં ઓછી મજૂરીની ગેરંટી, દરેક ગરીબ પરિવારને દર વર્ષે એક લાખ રૂપિયા, કેન્દ્ર સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે 50 ટકા બેઠકો અનામત, લઘુત્તમ ટેકારૂપ મૂલ્યની કાયદેસર બાંહેધરી અને રાષ્ટ્રીય સ્તરે, જાતિ આધારિત વસ્તી ગણતરીના વાયદાઓનો સમાવેશ થાય છે.

કોંગ્રેસે આવતા દસકા દરમિયાન 23 કરોડ લોકોના જીવનમાં સુધારો કરીને ગરીબી નાબૂદ કરવાનો પણ વાયદો કર્યો છે.. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, તેમના પત્રનું ઘોષણાપત્ર પંચ ન્યાય એટલે કે, ન્યાયના પાંચ સ્તંભ પર આધારિત છે, તે યુવા, મહિલાઓ,

ખેડૂતો, મજૂરો તેમજ કુલ વસ્તીની ટકાવારી મુજબ તકો જેવા મુદ્દાઓ પર આધારિત છે.

## BJP CONG MANIFESTO

ભારતીય જનતા પક્ષે કોંગ્રેસે આજે લોકસભાની આગામી ચૂંટણી માટે બહાર પાડેલા ઘોષણાપત્રને જૂઠા વચનો ગણાવ્યા છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ આક્ષેપ કર્યો કે, આ ઘોષણાપત્ર મતદારોમાં ભ્રમ ફેલાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. તેમણે દાવો કર્યો કે, આ પહેલા વિધાનસભા અને લોકસભાની ચૂંટણી માટેના ઘોષણાપત્રોના એક પણ વચનનું કોંગ્રેસે પાલન નથી કર્યું. તેમણે નિર્દેશ કર્યો કે, કોંગ્રેસે પોતાના ઘોષણાપત્રમાં દસ્તાવેજમાં જળ વ્યવસ્થાપનના વિભાગમાં ન્યૂયોર્ક રાજ્યના બફેલો નદીના ચિત્રનો ઉપયોગ કર્યો છે.

તેમણે કોંગ્રેસના ઘોષણાપત્ર દસ્તાવેજને ન્યાયપત્ર તરીકે ગણાવીને આક્ષેપ કર્યો કે, અત્યાર સુધી કોંગ્રેસે દેશને અન્યાય જ કર્યો છે.

## INDIA-MALDIVES-EXPORT

ભારતે, વિશેષ દ્વિપક્ષી વ્યવસ્થા હેઠળ 2024-25 માટે માલ્દીવ્સને અત્યાર સુધીમાં સૌથી વધારે આવશ્યક ચીજવસ્તુઓની નિકાસ કરવાની મંજૂરી આપી છે.  માલ્દીવ્સમાં ભારતીય હાઇકમિશને જારી કરેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે માલ્દીવ્સની વિનંતીને માન આપીને ભારતે કેટલીક આવશ્યક ચીજવસ્તુઓની નિકાસની પરવાનગી આપી છે અને નિકાસ માટેનો ક્વોટા વધારવામાં આવ્યો છે. 1981થી માલ્દીવ્સ સાથે

થયેલી નિકાસ સમજૂતીથી માંડીને અત્યાર સુધીમાં આ ચીજવસ્તુઓની સંખ્યા સૌથી વધારે છે.

માલ્દીવ્સમાં નિર્માણ ઉદ્યોગની જરૂરિયાતને પગલે નદીની રેતી, પત્થર તેમજ અન્ય સામગ્રીમાં 25 ટકા વધારો કરીને દસ લાખ ટન જેટલો કરવામાં આવ્યો છે. ગયા વર્ષે પણ ભારતે ચોખા, ખાંડ અને ડૂંગળીની નિકાસ પર પ્રતિબંધ હોવા છતાં માલ્દીવ્સને તેની નિકાસ ચાલુ રાખી હતી.

# SC-UP-MADARSA

સર્વોચ્ચ અદાલતે યુપી મદરસા શિક્ષણ બોર્ડ અધિનિયમ-2004ને ગેરબંધારણીય અને ધર્મનિરપેક્ષતા વિરોધી ગણાવતા અલ્હાબાદ હાઇકોર્ટના ચૂકાદા પર મનાઇ હુકમ ફરમાવ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય ચંદ્રચુડના અધ્યક્ષપદ હેઠળની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે ઉચ્ચ ન્યાયાલયના ચૂકાદાને પડકારતી અરજી પર કેન્દ્ર અને ઉત્તરપ્રદેશ સરકારને નોટીસ જારી કરી છે.

# GERMAN-OPEN-SQUASH

જર્મન ઓપન સ્ક્વોશમાં રાષ્ટ્રીય ચેમ્પિયન વેલાવન સેન્થિલકુમાર ગઇકાલે હેમ્બર્ગમાં રમાયેલી મેચમાં 3-1થી ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયા છે. સેન્થિલકુમારે ઇંગ્લેન્ડના આઠમા નંબરના જ્યોર્જ પારકરને 11-5, 11-8, 9-11 અને 11-9થી હરાવ્યા. 2023માં એશિયાઇ સિંગલ્સમાં રજતચંદ્રક વિજેતા સેન્થિલકુમારે 61 મિનિટમાં શાનદાર દેખાવ કર્યો. ક્વાર્ટર ફાઇનલમાં વેલાવન સેન્થિલકુમારનો

સામનો વિશ્વના ચોથા નંબરના ખેલાડી મલેશિયાના ઇયાન યોવ એનજી સામે થશે.

# DELHI-COURT-KEJRIWAL

દિલ્હીની એક વિશેષ અદાલતે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વકીલો સાથે કાનૂની બેઠકોની સંખ્યા વધારવા સંબંધે કરેલી અરજી પરનો આદેશ અનામત રાખ્યો છે. કેજરીવાલે પોતાના વકીલો સાથેની બેઠકોની સંખ્યા અઠવાડિયામાં બેથી વધારીને પાંચ વાર રાખવા દેવાની માંગણી કરી હતી. રાઉઝ એવન્યુ અદાલતની વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજા, નવમી એપ્રિલે ચૂકાદો આપશે.

અદાલતે, સોમવારે કથિત આબકારી નિતી ગોટાળા સાથે જોડાયેલા નાણાં ઉચાપતના કેસમાં અરવિંદ કેજરીવાલને 15મી એપ્રિલ સુધી ન્યાયિક કબ્જામાં મોકલી આપ્યા છે.

# IPL- NEW

IPL **ક્રિકેટ સ્પર્ધામાં આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે હૈદરાબાદમાં મુકાબલો થઇ રહ્યો છે.. હૈદરાબાદે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે ચેન્નાઇ સુપર કિંગ્સે એક વિકેટના નુકસાને 5.4 ઓવરમાં 42 રન કર્યા છે.**